સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી
વિશ્વ તરફની
ઉડાન...

# પંખ

અંક ૧૧ | ડિસેમ્બર ૨૦૧૬

વાળમાંથી રેતી કાં વેરાય છે?
જો ને, મારા માથામાં રણ તો નથી
-મેહુલ પટેલ 'ઈશ'



# સંપાદકની કલમે

-- કેયુર દુધાત



સંજોગો બદલાય રહ્યા છે, માણસોની રહેણીકરણી બદલાઈ રહી છે, લોકોમાં જીજ્ઞાસાવૃતિ વધી રહી છે, સમજણ કેળવાઈ રહી છે, દેશ સુધરી રહ્યો છે – આવો એક દ્રષ્ટિકોણ હોઈ શકે તો આ જ દ્રષ્ટિકોણને અરીસામાં જોઈએ તો આપણને દેખાય કે – મજુરવર્ગ તડપી રહ્યો છે, ગરીબ હેરાન થઇ રહ્યો છે, નાના ધંધાઓ પડી ભાંગ્યા છે, દુકાનદારો માથા ખંજવાળી રહ્યા છે, ફેકટરીઓ બંધ પડી છે, દેશ બંધ (મજબુરીમાં ધંધા શરુ નથી થયા, ગ્રાહકો નથી આવતા) પાળી રહ્યો છે.

પ્રધાનમંત્રીજીના આ નિર્ણય ને એક મહિનો થયો તેમ છતાં હજી જોઈએ એવું Normal Routine નથી થયું. પૈસા ઉપાડવા માટે લાંબી લાંબી લાઈનોમાં ઉભા રહેવું પડે છે આમ તો ભારતવાસીઓ અમુક તબક્કે જુદા જુદા કામો માટે લાઈનમાં ઉભા રહેવાની આવડત બતાવતા રહે છે તો આ વખતે એક સારા કામ માટે તક મળી છે. પણ આ બધામાં ઘણી જગ્યાએથી મોટી રકમમાં નવી નોટો મળી આવે છે એ સામાન્ય જનતા માટે અન્યાયની લાગણી ઉભી કરે છે. હવે, આમાં સરકારનો વાંક છે કે બેન્કવાળા નો એ તો સમય આવતા ખબર પડી જ જશે. સંસદનું શિયાળુ સત્ર એકપણ કામ થયા વગર ઝઘડાઓમાં પતી જવા આવ્યું. ઠંડીના પારા એ પણ હજી પોતાનો દમ દેખાડ્યો હોય એવું લાગતું નથી.

આપ સૌના પ્રતિભાવો અમને વધારે મહેનત કરવા તરફ પ્રેરી રહ્યા છે. આપ સૌનો સહકાર અમને પ્રેરકબળ પૂરું પાડે છે. આપણી ઉડાન આવી જ રીતે નવા નવા શિખરો સર કરતી રહે એના માટે અમે અમારું નવું FACEBOOK ACCOUNT બનાવ્યું છે - **‘પંખ મેગેઝીન’** સાથે સાથે અમારું પેજ **‘પંખ e-magazine’** પણ કાર્યરત રહેશે.

**આંખો મીંચીને ચાલશું અંધકારમાં ‘મરીઝ’**

**શંકા વધી જશે તો સમર્થન બની જશે**

**-મરીઝ**

# કકળાટ નો કરિયાવર

--રિકીન ધડુક



## DEMONETIZATION

ભરેલ મિસાઇલ ઉતાવળે છોડવામાં આવી

- છતાંય અમે "ધ ગ્રેટ ઇન્ડિયા" બનાવવાના વ્યાપક હિતમાં સરળ અમલીકરણ માટે આધાર કરીશું! પરંતુ આ ચલણ demonetization માટે સરકારના ઇરાદાની પ્રશંસા કરવી કે ટીકા?

નીચેના પ્રશ્નો/મુદ્દાઓ કે જે મીડિયા મારફતે ફરતા કરવામાં આવી રહયા છે તે સામાન્ય માણસના મનમાં શંકા વધારે છે અને સ્પષ્ટતા માંગી લે છે.

1) ગુપ્તતા

માનનીય વડાપ્રધાન અને નાણાપ્રધાને વારંવાર જણાવ્યું હતું કે આ વાત ટોચ ગુપ્ત હતી કે જે 8મી એ સાંજ પહેલાં માત્ર થોડા લોકો માટે જાણીતી હતી કારણ કે રાખવામાં આવી હતી. પરંતુ...

- કેવી રીતે 27 ઓક્ટોબર 2016ના રોજ સમાચાર દૈનિક જાગરણ, દૈનિક અખબારો દ્વારા સમાચાર છપાયા હતા કે ૫00 અને 1000ની નોટો હવે પાછી ખેંચી શકાય છે અને 2000ની નોટ આવશે.(દૈનિક જાગરણ 27 ઓક્ટોબર 2016).

- કેવી રીતે અને શા માટે ભાજપના રાજ્ય એકમોમાના એક બેંક ખાતામાં 3 કરોડ તરત જ 8 નવેમ્બરે જાહેરાત પહેલાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા? રૂ. 60 લાખ કલાક પહેલાં અને રૂ. 40 લાખની રકમ 8 કલાક આસપાસ PM દ્વારા demonetization યોજના જાહેર થઈ તે પહેલાં જમા કરવામાં આવી હતી. આ સામાન્ય થાપણ લાગતી નથી. કેવી રીતે ડિપોઝિટ બેન્કો દ્વારા અને જાહેરાત પહેલાંના સામાન્ય બિઝનેસ કામના કલાકો પછી પણ ભાજપ એકમ દ્વારા કરવામાં આવી હતી?

- તાજેતરના આરબીઆઈ અહેવાલોમાં જણાવ્યું હતું કે એસબીઆઇ, પીએનબી અને બેન્ક ઓફ બરોડા જેવી વિવિધ બેન્કોમાં ડિપોઝિટ્સ ટકાવારીમાં નોંધપાત્ર રીતે અગાઉના ક્વાર્ટરની સરખામણીમાં જુલાઈ-સપ્ટેમ્બરમાં વધારો થયો છે. વિરોધ પક્ષોએ દાવો કર્યો હતો કે 5 લાખ કરોડ વધુ જમા કરવામાં આવ્યા છે કે જે કુલ ચલણનો 'ત્રીજો ભાગ' છે. કાંઈક કાચું પકાતું લાગે છે?

2) શ્રી ઊર્જિત પટેલની નિમણૂંક અને આરબીઆઈ ગવર્નર શ્રી રઘુરામ રાજન દૂર

- 13 મી નવેમ્બર ૨૦૧૬ - ટેલિ-પ્રસારણ મુજબ માનનીય વડાપ્રધાન જણાવ્યું હતું કે આ તૈયારી 10 મહિના પહેલા શરૂ કરવામાં આવી હતી. જે જરૂરી પણ છે, કેમ કે વિશાળ ચલણ દોઢ મહિનામાં પ્રિન્ટ કરી શકાય નહીં તેમ લાગે છે.

પરંતુ પ્રશ્ન એ થાય છે કે,

• એવા અહેવાલ છે કે રઘુરામ રાજનનો આ નિર્ણય સામે વિરોધ હતો. શું તૈયારી અને પ્રિન્ટીંગ શ્રી રઘુરામ રાજનની સંમતિ વગર શરૂ કરવામાં આવી છે - તે કેવી રીતે શક્ય છે? PM એ સીધા આરબીઆઈ ગવર્નરની સંમતિ વગર નિર્ણય લીધો છે?

• જો પ્રિન્ટીંગ શ્રી ઊર્જિત પટેલની સહીઓ સાથે દોઢ મહિના પહેલા શરૂ કર્યું તો પછી શ્રી ઊર્જિત પટેલ (રિલાયન્સ ગ્રુપ સાથે સંકળાયેલ)ની નિમણૂક અને શ્રી રઘુરામ રાજન દૂર કરવા બને પહેલેથી નક્કી હતું?

**નકલીચલણ**

એમાં કોઈ શંકા નથી કે પરિભ્રમણમાં નકલી ચલણી નોટો છે. પરંતુ નકલી ચલણ જે પરિભ્રમણમાં છે, તે સામાન્ય માણસ દ્વારા પ્રાપ્ત કરવામાં આવી રહી છે. તેથી તેઓ જે ખરેખર મુદ્રણકળા & પરિભ્રમણ માટે અપરાધી છે તે નથી સહન કરવાના. વધુમાં કેવી રીતે સરકાર ખાતરી કરશે કે નવી ચલણી નોટો કે જે ખાસ કરીને રૂ ૨૦૦૦ની  નકલી ચલણ ડીલરો દ્વારા મુદ્રિત કરવામાં આવશે નહીં. આમ સમજવા જઈએ તો આ રોકેટ ટેકનોલોજી નથી. તેઓ જૂના ચલણ  છાપી શકે છે, તો નવું ચલણ શું ખાસ છે? એમાં એવી તે કઈ ચિપ ભરાવેલી છે?

સામાન્ય માણસ માટે પરેશાની:

• નાના વેપારીઓ/દૈનિક રોકડ વ્યવહાર પર પહેલેથી જ અસર થઈ.

• સામાન્ય જનતાને અસર થશે.

• જોબ માર્કેટ પર નકારાત્મક અસર  હોઈ શકે છે.

• સામાન્ય અને પ્રોપર્ટી માર્કેટમાં ખાસ કરીને મંદી- એક તરફ આપણે કહી શકીએ કે સસ્તા મિલકત ઉપલબ્ધ થશે અને બીજી બાજુ, મિલકત પર વાસ્તવિક રોકાણ ઘટશે અને સામાન્ય મંદી કોઈપણ અર્થતંત્ર માટે સારી નથી.








આ નુકશાન demonetizationના નાના લાભની કિંમત પર સરકાર દ્વારા કરવાનો ઈરાદો છે કે કેમ? વધુમાં તાજેતરના અંદાજ મુજબ માત્ર 6% બ્લેક મની રોકડ સ્વરૂપમાં છે અને તેથી વધુ રૂપાંતરિત કરી શકાય છે. અગાઉ પણ demonetization યોજના નવ દેશોમાં અમલમાં મુકાઈ હતી & મોટા ભાગના કિસ્સાઓ માં કાળાં નાણાં રોકવાનો ધ્યેય રાખતા જરૂરી હેતુઓ હાંસલ કરવા માટે નિષ્ફળ નિવડી હતી.

જોકે આ પગલું ખાસ માત્ર "ભરેલ મિસાઇલ ઉતાવળે છોડવામાં" આગામી રાજ્ય ચૂંટણી માટે રાજકીય લાભ ખાટવા માટે હોય એવું મને લાગે છે. આશા રાખીયે કે આવનારા સમયમાં આવું અડધું રંધાયેલું ઊંધિયું ભક્તોના ભાથામાં ના આવે!

જય હિન્દ

(આ મારી કલમથી થયેલ પાપ ધોવા માટે)

# લપડાક

--મનોરી શાહ



આપણે કેવા લોકોથી tags કે જલ્દીથી ઈમ્પ્રેસ થઇ જઈએ? "બ્યુટીફૂલ", "cool", "young", "સેક્સી" અને એમ similar કોમ્પ્લીમેન્ટ સાંભળવા આપણને ગમતા હોય છે. પણ આ બધા tagsમાં કોમન શું છે જાણો છો? આપણે મોટાભાગે આ બધા કોમ્પ્લીમેન્ટ બહારનું અપીયરન્સ જોઈ ને આપતા હોઈએ છીએ.

મને લાગે છે કે બાહ્ય દેખાવ કે પર્સનાલીટી ને અત્યારનો સમાજ ખાસ કરી ને મીડિયા અને શો-બીઝનેસ વધારે પડતું જ મહત્વ આપતા થઇ ગયા છે. ખરેખર આને એમ લખવું જોઈએ કે ત્યાં પેહલા થી જ બાહ્ય સુંદરતા important હતી જ પણ ટીવી અને મીડિયાની આપણી જનેરેશન પર વધારે અસર થઇ છે અને એના લીધે અમુક વસ્તુઓ આપણે stereo-type કરી લીધી છે. સુંદરતા વિષે તો હું પેહલા એક આર્ટીકલમાં લખી ચુકી છું કે ગોરો રંગ કે ખાલી હાડકા જ હોય એટલું પાતળું body સુંદરતાના પર્યાય નથી. આપણે સુંદર આંખો અને બોલકી smile કેમ નથી consider કરતા? આપણે એમ કેમ નથી કેહતા કે મને આની સેન્સ ઓફ હ્યુમર ગમે છે? કે મને આ માણસ પર એટલે crush છે કે એ smart કે interesting છે નહિ કે એ સારો દેખાય છે?

પણ આજે મારે નવા ટ્રેન્ડ ની વાત કરવી છે. અચ્છા હવે આ "cool" શું હોય? internet પર coolનો મતલબ સર્ચ કરવાથી બતાવે છે કે જે composed હોય, અને બીજો રેફરન્સ છે fashionablly attractive. અત્યારના હાઈ-સ્કુલના છોકરાઓમાં cool લાગવાનું ખતરનાક હદનું obsession જોવા મળે છે. નવી હેર-સ્ટાઈલ, મોબાઈલ, બ્રાન્ડેડ બેગ્સ અને કપડા,gf/bf, સિગરેટ, ટેટુસ અને ખબર નઈ બીજું શું.. એમને સમજવાની જરૂર છે કે એ લોકો પોતાના જીવન ના સૌથી સુંદર વર્ષો બરબાદ કરે છે. મને સમજાતું નથી કે વ્યસન કરવાથી તમેં cool લાગો એવું ક્યાંથી મગજમાં ઘૂસ્યું છે. અમદાવાદ અને બીજા બધા જ cities માં હુક્કા બારનું પણ ખુબ આકર્ષણ જોવા મળે છે. આમ સાવ ૧૬ વર્ષ ના છોકરાઓના હુક્કા પીતી વખતે પાડેલા ફોટોસ કદાચ તમે પણ જોયા હશે. અને એ લોકો એને એ રીતે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરે છે જાણે શું મહાન કામ કરી લીધું હોય! મારે જે અત્યારે હાઈ-સ્કુલ માં છે એ બધા મિત્રો ને as a ફ્રેન્ડ કેહવું છે કે

તમારે નક્કી કરવું પડશે કે ખરેખર સેક્સી કે cool કોને કેહવા? તમારે સમજવું પડશે કે બહાર ના appearance કરતા માણસના વિચારો અને value વધારે મહત્વનું factor છે એમને "judge" કરવા માટે. તમારો ખુબ મોટો ફાળો રેહશે આપણા દેશ ને minds થી પ્રોગ્રેસીવ બનાવવામાં. so આજ નો આર્ટીકલ બધા નાના ભાઈ બહેનો માટે જે જીવન ના એ સુંદર પડાવ પર છે જ્યાં તમારી જોડે પૂરો અવકાશ છે તમારું mindset અને વિચારો કેળવવાનો અને ઉછેરવાનો...

હા તો જેમ મેં આગળ કીધું એમ જે બધી પરિસ્થતિ માં composed છે એને cool કેહવાય નહિ કે જે body બનાવી ને બુલેટ લઇ ને ફરે છે અને સિગરેટ પી ને કચરો રસ્તા પર ફેંકે છે. cool એ નથી કે જે બાઈક સ્ટંટ કરે છે અને રાતે બુમો પાડી પાડી ને રસ્તા પર થી જાય છે. cool એ નથી જે કોઈ દોસ્ત \ના ફાર્મ-હાઉસ પર એના બાંધેલા ડોબરમેન સાથે સેલ્ફી લે છે અને મમ્મી રસોડા માંથી ઉંદર ભગાડવાનું કહે તો એનો બીક ના માર્યા અવાજ નથી નીકળતો.

ખરેખર cool એ છે કે જે બધી પરિસ્થતિ માં શાંત રહી ને વિચારી શકે છે. જે પેનિક નથી થતો અને સમજે છે કે મારે આનો ઉકેલ શોધવાનો છે. cool એ છે જેનું વજન ભલે 50 કિલો છે પણ જો કોઈ છોકરી ને છેડે છે કે કૈક ખોટું થઇ રહ્યું છે તો અવાજ ઉઠાવી શકે છે. cool એ છે જે પોતાના થી નાના વ્યક્તિ ને મદદ કરી શકે છે કોઈ જાત ના reward ની આશા રાખ્યા વગર. cool એ છે કે જે દોસ્ત જયારે એક વાર સિગરેટ try કરવાનું કહે ત્યારે કહી શકે છે કે જીવન માં બીજું ઘણું try કરવા માટે છે તારી ગેરમાર્ગે દોરનારી સલાહો ની મારે જરૂર નથી. (અને હા, જો તમને કોઈ એમ કહે ને કે જીવન માં આમ રોમાંચ તો જોઈએ ને, લે લે એક કશ માર કે એક પેગ પી પછી દુનિયા જુદી જ લાગશે, એને લાફો જરૂર મારજો ! અરે try કરવું જ હોય તો બંજી-જમ્પિંગ કરો, દુનિયા ના પર્વતો ચડો, સરહદ પર લડવા જાઓ. રોમાંચ માટે વ્યસન કરવાની ક્યાય જરૂર નથી.,.

હવે વાત કરીએ સેક્સીની. ટૂંકા કપડા, પડછંદ કાયા કે એકદમ પરફેક્ટ ફિગર એ એકલું જ સેક્સી નથી. All Dear teen-girls, પોતાની જાત સાથે એટલા માટે અખતરા ના કરો કે તમે કોઈ એક કે બે છોકરાઓ એ જાડી કીધું છે કે એમને તમે નથી ગમતા. (ઐશ્વર્યા કે કેટરીનાની આશા ખાલી એ જ છોકરાઓ એ રાખવી જોઈએ જે પોતે હ્રીતિક કે રણબીર જેવા દેખાતા હોય !!)




પોતાની જાત ને બદલવાની જરૂર નથી ખાલી ડેવેલોપ કરવાની જરૂર છે. તમારે કોઈ પણ છોકરા માટે એના દોસ્તો આગળ ટ્રોફી નથી બનવાનું. બનવું જ હોય તો એવા બનો જે ચા ની કીટલી પર બેસી ને અત્યાર ના પોલીટીક્સ કે સ્પોર્ટ્સ ના ટોપિક પર ચર્ચા કરી શકે. એવા બનો કે જેની પ્રતિભા જેની બુદ્ધિક્ષમતા ઉદાહરણ રૂપ હોય નહિ કે એનું રૂપ.

આપ કોઈ ને કોઈ બાબત ની સલાહ આપવા જેટલી હું qualified નથી. પણ આપણા દેશ ને જેટલા બીજા બધા પાસા પર વિકાસ ની જરૂર છે એટલી જ જરૂર છે mindset બદલવાની. મને આપના સુચન કે પ્રતિભાવ જણાવો manorishah@gmail.com પર..

P.S.: મહેન્દ્ર પોસીયા સર નો મેઈલ મળ્યો. Thank you કે આપને અમારી ટીમ નું કામ ગમ્યું. મારા આગલા આર્ટીકલ ની not so good શરુઆત વાળું આપનું અવલોકન મને ખુબ ગમ્યું. હું દિલગીર છું કે આપની અપેક્ષા મુજબ નું ના લખી શકી. આપના સૂચનો મને આર્ટીકલ ની ક્વોલીટી વધારવામાં મદદરૂપ થશે. આમ જ સંપર્કમાં રેહશો એવી આશા.

# પેરિસ્કોપ

--યાજ્ઞિક વઘાસિયા



*વાત કોઈની પણ થતી હોય, પણ 'મારી/અમારી જ થાય છે, એમ માનીને બધું માથે ઓઢી લેવું. પોતે જ દુનિયાના સૌથી કચડાયેલા-દબાયેલા લોકો છે, પોતે જ બધું સહન કરે છે, એવું જતાવતું રહેવું.*

*બસ હવે બહુ થયું. હવે સહન નહી કરવામાં આવે, એમ કરીને અવાજ ઉંચો કરવો.*

*અમારા અસ્તિત્વની ભલે કોઈએ નોંધ ના લીધી, પણ અમે એવું કંઇક કરીશું કે જેનાથી અમે પાછળ નહી રહી જઈએ, અમને પણ હક છે, આગળ આવવાનો, ને અમે આવીશું જ, એમ હમેંશા હવામાં જ રહેવું.*

*અમે શું કામ કોઈનું સાંભળીએ? અમે થોડા કોઈના બાપાના રોટલા ખાઈએ છીએ. અમે પણ કંઇક છીએ, ને અમારે કોઈની જરૂર નથી, અમે સ્વતંત્ર છીએ, એવું લોકોને બતાવી દેવું.*

ઈન્ડીવિઝ્યુઅલી અથવા કોઈ ગ્રુપમાં આવી માનસિકતા ઘર કરી ગઈ છે. ઇવન મારામાં પણ થોડાઘણા અંશે હશે જ, છે જ. ઈન્ડીવિઝ્યુઅલી તો આવી માનસિકતા બહુ નડતરરૂપ નથી. પણ જયારે કોઈ સ્પેસીફાય ગ્રુપમાં હોય ત્યારે એ ગ્રુપ સમાજ સાથે પોતાને પણ તકલીફમાં મુકે છે. કોઈ પણ વાતને રીએક્ટ કરતા પહેલા વિચારી લેવું કે, પોતે સમાજનો જ હિસ્સો છે. તમારા થકી સમાજ છે, એના કરતા સમાજ થકી તમે વધુ છુઓ.

એકઝામ્પલ આપું આવા ગ્રુપના. પહેલા દલિતોનું ગ્રુપ ને હવે સવર્ણોનું ગ્રુપ, પગાર પ્રમાણે કામ કરતા ના હોવા છતાં પગારવધારો માંગતા શ્રમિકો/કામદારો/કારીગરો/એમ્પ્લોઇઝનું ગ્રુપ, 'પત્નીપીડિત' પુરુષોનું ગ્રુપ અને સૌથી મોટું સ્ત્રીઓનું ગ્રુપ. સ્ત્રીઓનું ગ્રુપ સૌથી મોટું એટલા માટે કીધું કેમ કે, પત્નીપીડિત પુરુષો એટલા બધા 'પીડિત' છે કે, તેઓ એક આમ અલગ તરી આવે એવું ગ્રુપ જ બનાવી જ શક્યા નથી ને અમુક પુરુષો પણ એવા છે કે જે હાલે-ચાલે ને સ્ત્રીઓની ચાપલુસી કરવા/વકીલાત કરવા નીકળી પડે છે. એટલે એમણે પણ મેં આ સ્ત્રીઓના /છોકરીઓના/ નારીજાતિના ગ્રુપમાં જ ગણ્યા છે.

બંધબેસતી પાઘડી પહેરી લેવાની આપણને પહેલેથી જ આદત છે. 'પંખ'ના નવમાં અંકમાં મેં સમાજની બધી (બધી એટલે બધી) બાપડી-બિચારી સ્ત્રીઓની થોડીઘણી વાત કરી જ છે. એ વાત હું હવે આગળ ચલાવું છું

મારા ફેસબૂક ફ્રેન્ડ-લીસ્ટમાં એક છોકરી છે. મારી કોલેજમાં જ ભણતી. મારાથી ત્રણ વર્ષ સીનીયર. અત્યારે એનું એમ.બી.બી.એસ. પણ કમ્પ્લીટ થઇ ગયું, એના પણ બે વર્ષ પુરા થઇ ગયા. એટલે એ એજ્યુકેટેડ તો છે જ બરાબર? એ છોકરી ને એની બીજી એક ફ્રેન્ડ, એ પણ એની જ બેચમેટ, એની બેસ્ટ ફ્રેન્ડ અને ઓબીવ્યસ્લી મારી સીનીયર. 'PINK' મુવી આવ્યા પછી પેલી એ એક પોસ્ટ મૂકી હતી કે, એ બન્ને બેસ્ટ ફ્રેન્ડ એકાદ-બે વર્ષ પહેલા ફેમીલી જોડે રાજસ્થાન બાજુ ફરવા ગયા હતા ને રીટર્નમાં 'બહુચરાજી' દર્શન કરવા ગયા. ત્યાં મંદિર બહાર પાટિયું મારેલું કે,

**"કેપ્રી પહેરીને અંદર પ્રવેશ કરવો નહી."**

**એ લોકોથી ધ્યાનબહાર જતું રહ્યું ને એ લોકો અંદર જતા પણ રહ્યા. ને નસીબજોગે બન્ને એ કેપ્રી જ પહેરી હતી. એમના બીજા ફેમીલી-મેમ્બર્સ આગળ જતા રહ્યા હતા ને આ બન્નેને કોઈક વોચમેને ત્યાં અટકાવ્યા.**

**બન્નેનો મગજ જતો રહ્યો ને ગુસ્સામાં ને ગુસ્સામાં બીજી છોકરીએ (પહેલી છોકરીની ફ્રેન્ડ અને મારી કૉલેજ-સીનીયર) પેલાને સંભળાવી પણ દીધું,**

**"આ સાડી પહેરલ્યુંના અડધાથી વધારે વાહઁ દેખાય એનો વાંધો નહી, ને અમારા જરાક અમથા ટાંટિયા દેખાય એનો વાંધો....!!..."**

**પછી એણે એની પોસ્ટમાં ઉમેર્યું પણ ખરું કે,**

**"સાડી પહેરતી છોકરીઓ સંસ્કારી ને કેપ્રી પહેરતી છોકરીઓ અસભ્ય, આવા લોકોને કહેવાનું મન થઇ આવે કે 'માં' ભક્તિભાવ જોવે, કપડા નહી."**

હા. બરાબર. કપડાને અને સંસ્કારને કોઈ લેવા-દેવા નથી. પણ મંદીરની બહાર મારેલી નોટીસમાં એવું ક્યા લખેલું છે, કે કેપ્રી પહેરીને આવેલી છોકરીઓ એ સંસ્કારી નથી! નિયમો છે, પાળવા પડે. નિયમો તો બધે હોય છે, થીએટરમાં પણ નિયમ હોય છે, કે અંદર ખાવા-પીવાની વસ્તુ લઇ જવી નહી. તો બેન તમે ત્યાં પણ એવો ઝઘડો કરો છો કે, "અંદર તો પોપ-કોર્ન ને સમોસા ને કોલ્ડડ્રીંકના તો તમારા માણસો સ્ટોલ કરીને બેઠા છે, તો અમને એક મામુલી વેફરનું પેકેટ કે પાણીનું પાઉચ પણ લઇ જવાની છૂટ નહી?" તમે ત્યાં ઝઘડો કરો છો? નહી... તમે ત્યાં ચુપચાપ ટીકીટ લઈને અંદર મુવી જોઈ આવો છો. પોસાય તો પોપ-કોર્ન ખાવ છો, ના પોસાય તો બહાર નીકળીને કોઈક સસ્તી જગ્યાએ ખાઈ આવો છો. ને મુવીની ટીકીટના રૂપિયા પણ ના પોસાતા હોય તો તમે મુવી ઘરે બેસીને જોઈ લ્યો છો ને?





તો અહીંયા પણ તમે સેમ-વે અપનાવી શકતા હતા જ ને... 'માં' કપડા નહી પણ ભાવ જોવે છે, તો ભાવપૂર્ણ ઘરે બેસીને પણ ભક્તિ કરી જ શકાતી હતી જ ને. હા. હવે એનો જવાબ એમ હશે કે,

"અમારે તો નતું જ જવું. ફેમીલી જોડે જવું પડ્યું." અથવા

"અમે દર્શન કરવા નહી, પણ ફરવા માટે મંદિરે જઈએ છીએ. અમે તો મંદીરની કોતરણી જોવા ગયા હતા. અમારા તો દિલમાં જ ભગવાન છે." અથવા

"એ લોકોના બાપનું મંદિર નથી. અમે ભારતના સ્વતંત્ર નાગરિક છીએ, ને અમે ઈચ્છીએ એ કરીએ."

હા બરાબર. તો એ લોકો પણ ઈચ્છે એ કરે જ ને. તમારો ગુસ્સો યોગ્ય જગ્યાએ ઉતારો. એ વોચમેનનો આમાં કંઈ વાંક ન્હોતો. એને તતડાવીને તમને શું મળ્યું? તમે એને એમ પણ કહી શકતા હતા ને કે, "મારે મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી સાથે વાત કરવી છે." એને મળીને કંઇક સરખી વાત કરી હોત તો શક્ય હતું કે, તમારી જેવી કેપ્રીવાળી ઘણી છોકરીઓને આવા નિયમમાંથી છુટકારો મળી જાત. અન્યાય સામે લડવા માટે 'ગુસ્સા' કરતા 'ધીરજ' વધુ મહત્વની છે. બેનનો ગુસ્સો જાયઝ છે,



Bahuchara Mata Temple Becharaji Mehsana Gujarat

પણ ખોટી જગ્યાએ છે. મને પણ મોટા મંદિરોનું 'હેવી એટ્મોસ્ફીઅર નથી ગમતું, ને ઘણીવાર હું બહાર ઓટલે જ મારી સાથે આવેલા ફ્રેન્ડસ-ફેમીલીના ચપ્પલનું ધ્યાન રાખવા જ બેસું છું.

ને બીજી વાત, અહીંયા વાત સ્ત્રીઓના સંસ્કારની તો છે જ નહી. કારણ કે, તમે મેન્શન કરેલી નોટીસમાં ક્યાંય એવું નથી લખેલું કે, "કેપ્રી પહેરીને સ્ત્રીઓએ અંદર આવવું નહી." પુરુષોને પણ ચડ્ડા પહેરીને આવતા ઘણી જગ્યાએ રોકે જ છે. ને અહીંયા પણ છોકરાઓને પણ રોક્યા જ હશે, ને એમણે કંઈ વાંધો નહી જ ઉઠાવ્યો હોય!

(વધુ આવતા અંકે)

**PACK UP :**

દરેક જગ્યાએ આપણને જ ટાર્ગેટ કર્યા હોય, એ જરૂરી નથી. વિરોધ કરવો એ યોગ્ય છે. પણ સામેના પક્ષની બધી વાતોમાં આપણો મત અપોઝીટ હોય તો, આપણામાં ને કેજરીવાલમાં શું ફરક બાકી રહ્યો? આપણે થોડું કેજરીવાલ જેવું થવાય?

*****

તમારા 'વ્યુઝ' અને 'રીવ્યુઝ' મને લખીને મોકલો, yavaghasia.99@gmail.com પર.

સાથે સાથે તમારી લાઈફના પણ આવા પ્રસંગો મને જણાવી શકો છો. રેલેવન્ટ હશે તો હું આગામી અંકમાં જરૂર મેન્શન કરીશ.

# લ્યો...લખાઈ ગઈ કવિતા



## કવિ અનિલ ચાવડા

વર્ષો પછી એણે સામેથી જ મને કહ્યું,
"આઈ લવ યુ, ડૂ યુ લવ મી?"
ત્યારે હું,
એક ઊં......ચા પર્વતની ટોચ પરથી
ખીણ તરફ ઢળેલા
ઝાડની ડાળી દાંત વચ્ચે દાબીને,
કપાયેલા બે હાથ સાથે
નિ:સહાય લટકી રહ્યો હતો,
જો બોલું તો ખીણમાં જાઉં
અને
ના બોલું તો પણ....

'જો' અને 'તો'ની વચોવચ આપણે ઊભા છીએ,
કબ્બડી-ખોની વચોવચ આપણે ઉભા છીએ.
ઘોડિયાના હીંચકાથી લઈ અને સમસાન લગ,
'હસ' અને 'રો'ની વચોવચ આપણે ઉભા છીએ.
સાંધીએ વર્ષોથી, સંધાતી નથી તો પણ હજી,
કઈ તિરાડોની વચોવચ આપણે ઉભા છીએ?
જિંદગી ને ગુર્જરી ભાષાની તુલના થાય તો,
'થોભ' અને 'ગો'ની વચોવચ આપણે ઉભા છીએ.
રોજ જોતી સૃષ્ટિ આપણને ટીકીટ લીધા વિના,
શ્વાસના 'શો'ની વચોવચ આપણે ઉભા છીએ.
ખાલી છે એ વાત છોડો; એટલું પુરતું નથી?
ફૂલછાબોની વચોવચ આપણે ઉભા છીએ.
આપણા આ પ્રેમને વર્ષો થયાં તો પણ હજી,
'યસ' અને 'નો'ની વચોવચ આપણે ઉભા છીએ.

જ્યારથી એ જણ કશાની શોધમાં છે,
ત્યારથી આખું જગત વિરોધમાં છે.
ચાહું છું એને વધારે તીવ્રતાથી,
વ્યક્તિ જે જે મારી પ્રત્યે ક્રોધમાં છે.
માનવી ને પહાડ વચ્ચે ફેર શો છે?
એક આંસુમાં છે, બીજો ધોધમાં છે.
હોય છે માણસ પ્રમાણે સત્ય નોખા,
મારું એ મારી કથાના બોધમાં છે.
કુંપળો તો છેવટે ફૂટી જ નીકળશે,
સેંકડો પથ્થર ભલે અવરોધમાં છે.

# નવલકથા
# ઐક્યોત્સવ-૧૧

--ડૉ. અવનિ રવિ ચાંગેલા



"જરા પણ નહિ...અયોગ્ય પરંપરાને તોડવી મને ખુબ ગમે છે, તો બેટર છે કે બીજા કોઈને તમે આ શુભકાર્યના સહભાગી બનાવો. હું તો નહિ જ લખું."

"તું લખીશ જ...અને કાલે હું સબમિટ પણ કરાવીશ..."

"હું નહિ જ લખું, તમારે જે કરવું હોય તે કરી લો, વધુ આગ્રહ કરશો તો આ કોરી લખ્યા વગરની જર્નલ તમારા એચ.ઓ.ડી. પાસે હું સબમિટ કરાવી આવીશ." આહુતિ કોલ કટ કરતા બોલી.

છતાં સમીધે તેની બે જર્નલ્સ મોકલી આપી અને આહુતીએ લખ્યા વગરની તેના એચ.ઓ.ડી. ને આપી આવી.

તે સાંજે સમિધે આહુતીને રોકીને ક્રોધભર્યા સ્વરે કહ્યું, " તું શું સમજતી હતી કે આ જર્નલ્સ જોઇને મારા એચ.ઓ.ડી. મને ખીજાશે, સર્ટીફાઇડ કરી નહિ આપે એમ. અરે બધાને ખબર છે કે સમિધ જર્નલ્સ જાતે લખતો જ નથી.તેને મને જાતે ફોન કરીને બોલાવીને આ જર્નલ્સ પછી આપી, બીજા પાસે લખાવવા.."

"ઓહ ગ્રેટ ! તમે અને તમારા એચ.ઓ.ડી. બંને, સારું તો બીજા પાસે લખાવી લો.."

"તને ખબર છે હું કોણ છું?"

"હા..વારંવાર ફેઈલ થતા સીનીયર, અને ગુંડાગીરી કરતા સ્ટુડન્ટ યુનિયનના પ્રેસિડેન્ટ.."

"એ સિવાય પણ, હું આ વિસ્તારના એમ.એલ.એ. નો દીકરો છું સમજી, મારી વિરુધ્ધ આ કોલેજના પ્રિન્સીપાલ પણ પગલા ન લઈ શકે."

" પણ હું તો લઇ શકું.. પછી ભલે ને તમે સી.એમ. તો દુર પી.એમ. ના દીકરા કેમ ન હોઈ!"

તે પછીના દિવસે લાઈબ્રેરીમાં વાંચતી આહુતિ પાસે સમિધ આવ્યો, તે બોલ્યો. "જો..હું આજે જાતે જ તને મારી અને મારા ફ્રેન્ડસની અનેક જર્નલ્સ આપવા આવ્યો છું. આ બધી જ તું લખીશ, અને એ પણ અહી બેસીને જ..હું પણ તને કંપની આપીશ..અહી તારી બાજુમાં બેસીને સુપરવિઝન કરીને" ચેર ખસેડીને તેના પર બેસતા તે બોલ્યો.

"મારે દરરોજ લેક્ચર્સ અટેન્ડ કરવાના હોય છે, તમારી જેમ રખડતી ભટકતી તદન ફ્રી નથી હોતી હું.."

"જ્યાં સુધી તું આ બધી જ જર્નલ્સ નહિ લખે ત્યાં સુધી હું તને લેકચર અટેન્ડ કરવા નહી જવા દઉં."

"હું પ્રિન્સીપાલને કમ્પ્લેન કરવા જઈશ."

"હું તારી સાથે આવું ચલ.."

સાથે આવેલા સમિધને બાર ઊભો રાખી આહુતિ એકલી આ વાત માટે પ્રિન્સીપાલને મળવા ગઈ, વાત સાંભળી તે બોલ્યા," સમિધ જેમ કહે તેમ લખી આપ."

આવો અનપેક્ષિત જવાબ સાંભળીને આહુતિ બોલી, " સર ..હું સ્વતંત્ર ભારતની સ્વતંત્ર વ્યક્તિ છું , મને જે કરવું હોય તે કરવાની સ્વતંત્રતા છે. પુરા ૯૦% ની લાયકાત સાથે હું આ ગવર્મેન્ટ કોલેજમાં પ્રવેશી છું, નહિ કે સમિધની જેમ જેક લગાવીને. તમે એક સરકારી ઉચ્ચ અધિકારી થઈને આવો ન્યાય તોલો છો? સર.. માફ કરજો, પણ મને આ મંજુર નથી, તમે રાજકીય સંબંધો માં અટવાયને અસત્યનો સાથ આપી રહ્યા છો, સત્યને કલંકિત કરી રહ્યા છો, છતાં પણ હું નહિ હારું, હું કલેક્ટરશ્રીને એન્ટી રેગીંગ સેલ અંતર્ગત આવેદનપત્ર પાઠવીશ. તેને જાણ કરતા પહેલા તમને આ વાતની જાણ કરવી મને જરૂરી લાગી, આથી મેં તમને કહ્યું..આભાર.."

તે પ્રિન્સીપાલ આહુતીને જોતા રહી ગયા. તેનું મન ચકરાવે ચડી ગયું. બહાર નીક્ળેલી આહુતિ ને જોઇને ખુશ થતો સમિધ બોલ્યો.

"ચલ હવે લાઈબ્રેરી, લખવાનું શરુ કરી દે. અહીનો રાજા હું છું અને પ્રિન્સીપાલ પણ હું.."

"ના, હું નહીં લખું, વાત માત્ર જર્નાલ્સની જ નથી, સત્યની છે,ન્યાય ની છે,કોઈના અધિકારની કે સ્વાભિમાનની છે, રાજકીય દબાણ કે સંબંધોને આધારે લેવાતા નિર્ણયોની છે. હું પાછળ નહિ ખસું હવે..હું આ શહેરના કલેક્ટરશ્રીને મળીને તેમને આવેદનપત્ર આપીશ."

તે દિવસની રાત્રે હોસ્ટેલ પર બેઠી બેઠી કલેકટર ને સંબોધીને આવેદનપત્ર લખતી આહુતીને તેની ફ્રેન્ડ શીખાએ કહ્યું." છોડને યાર હવે, આમપણ સિનિયર્સ સામે આપનું કઈ ચાલવાનું નથી, અને આપણને તેની જરૂર પડવાની જ છે. આ ગવર્ન્મેન્ટ કોલેજ છે અને અહી સિનિયર્સ જ આપના ભગવાન. એક્ઝામ થી લઈને કો-કરીક્યુલર એક્ટીવીટી સુધી આપને જ તેના પર આધારિત રહેવું પડશે."

"જંગની શરૂઆત તેને કરી છે, જ્યાં સુધી તે હથિયાર હેઠા ના મુકે ત્યાં સુધી હું નહિ જંપુ , કોઈ મારી સાથે ભલે ન હોય, હું એકલી લડીશ.."

કલેકટરને અપાયેલા આવેદન પત્રની અસર પ્રિન્સીપાલના નિર્ણય પર થઇ.તેને સમિધ અને આહુતીને બોલાવ્યા અને કહ્યું. "જુઓ, મારી વાત ધ્યાનથી સાંભળો, કલેકટરશ્રીનો મને ફોન આવ્યો હતો, અને આવી નાની નાની બાબત માટે તેનો ફોન આવે તે જરા ઉચિત ન કહિવાય. તો હવે પછી આવું બનવું ન જોઈએ. અને રહી વાત જર્નાલ્સની તો સૌ પોતપોતાની જર્નલ્સ લખી લેશે."

` આ નિર્ણયને કરને સમિધને જર્નાલ્સનો થપ્પો લાઈબ્રેરીમાંથી ઉઠાવીને બીજા પાસે લખાવવાની વ્યવસ્થા કરવાની હતી, અને આહુતિ હવે પોતાના લેક્ચર્સ અટેન્ડ કરવા માટે ફ્રી હતી. પણ આ નાનકડી હારે સમિધના મગજમાં જ્વાળામુખી પ્રગટાવ્યો હતો. એક સમયે જેનાથી આખી કોલેજ ડરતી તેના નામ પર આજે લોકો હસતા હતા.તે આ હારનો બદલો લેવા અને તે છોકરીને બરાબરનો પાઠ ભણાવવાનો કોઈ પ્લાન વિચારી રહ્યો અને મોકો પણ શોધી રહ્યો જેથી આ છોકરી તેનાથી દુર રહે અને ફરી વાર તેની વિરુધ્ધ જવાની હિંમત ન કરે.

નવા આવેલા જુનીયર્સના સ્વાગત માટે રાત્રે ફ્રેશર્સ પાર્ટીનું આયોજન તેની કોલેજ માં જ કરાયું હતું.તૈયાર થઈને ડરમિશ્રિત ઉત્સાહ સાથે બધી ગર્લ્સ અહી આવી પહોચી હતી. સમિધને આહુતિ ન દેખાતા તેને શિખાને પૂછ્યું, “આહુતિ નથી આવવાની?”

“ના કદાચ નહિ, કેમકે તે તેના રીલેટીવ ના ઘરે જવાની છે એટલે.”

શીખનો જવાબ સાંભળીને સમિધને પોતાનો પ્લાન ફેઈલ થતો જણાયો. તે ફંક્શનહોલ છોડીને લોબીમાં આવ્યો.અચાનક જ લોબીના આછા અજવાળામાં તેને દુરથી એકલી આવતી આહુતિ દેખાઈ. સમિધ મનોમન ખુશ થયો. તે યોજના મુજબ ખુલ્લા ડોરની પાછળ સંતાયો, જેવી આહુતિ એ અંદર પ્રવેશ કર્યો અને પોતાના તરફ ચાલવા લાગી, ત્યરે ત્યાં કોઈ જ વ્યક્તિ ન હોવાથી તક ઝડપી તેને આહુતીનો હાથ ખેંચી અને રોકી રાખી, તે કઈ બોલવા જાય તે પહેલા સમિધની કઠોર હથેળીઓ વડે તેના બંને હોઠ અને નાક દબાઈ ગયા.તેને ઢસડીને તે ડોર પાસે આવેલા એક ખુલ્લા અંધારિયા ક્લાસરૂમમાં લાવ્યો અને એક ખૂણામાં આહુતીને દીવાલ સાથે ભીંસી, આહુતિ ચીસો પડશે તે બીકે તેને હોઠને દબાવેલી હથેળી ન હટાવી. તે બોલ્યો..

“કેવું લાગે છે અત્યારે? ગુંગળામણ અને બેચેની થાય છે ને, ડર લાગે છે ને તને..ક્યાં ગઈ તારી નીડરતા, તારું સત્ય..? આવી જ ગુંગળામણ અને બેચેની મને થાય છે જ્યરે મારો અહં ઘવાય છે, લોકો પીઠ પાછળ હસે છે,અને એ પણ તારા કારણે. આજે પહેલીવાર કોઈએ મારી વાત નથી માની, આવું કરીને તે મારા અહં ને પડકાર્યો છે. આ તો માત્ર શરૂઆત છે મારી, દુર રહેજે મારાથી, મારા રસ્તામાં ન આવતી ક્યારેય, બળબળતો અગ્નિ છે મારામાં, બળીને રાખ થઇ જઈશ તું..”

આહુતિ અંધારાના કારણે તે વ્યક્તિના ચહેરાને ન જોઈ શકી પણ તે અવાજ પરથી ઓળખી ગઈ કે તે સમિધ જ છે. સમિધ આટલું બોલીને તેને ત્યાં અંધારામાં જ છોડીને ચાલ્યો ગયો, તે પણ એ વાતથી અજાણ હતો કે સમિધે ઝુનુન અને ગુસ્સામાં આહુતીના હોઠની સાથે તેના નાકને પણ ખુબ જ તીવ્રતાથી ડાબી રાખ્યું હતું. આથી આહુતીનું યોગ્ય શ્વસન ન થતા તે બેભાન થઈને ત્યાં જ ઢળી પડી હતી. પાર્ટી પૂરી થતા બધા જ લોકો જતા રહ્યા હતા, આથી બધા જ રૂમને લોક કરીને પાવર સપ્લાયની મેઈન સ્વીચ પણ ઓફ કરી દેવાઈ હતી.

થોડા કલાકો બાદ ભાનમાં આવેલી આહુતિ અંધારું જોઇને ડરી ગઈ.તેને ડોર ખખડાવ્યું તે લોક હતું. અંધારામાં રડતા રડતા તે પોતાનું પર્સ અને મોબાઈલ ફોન શોધવા મથી રહી પણ તે પણ તેને ન મળ્યા. ચીસો પાડીને કલ્પાંત કરતી આહુતીને કોઈ સાંભળતું નહોતું. અંતે તે થાકીને ફરી પાછી બેભાન થઈને ઢળી ગઈ. આ તરફ હોસ્ટેલ પર રહેલી તેની રૂમમેટ શિખાને એમ હતું કે આહુતિ તેના રીલેટીવની ઘરે ગઈ હશે એટલે સવારે જ આવશે, આથી તે પણ નિશ્ચિંત થઈને ઊંઘી ગઈ.

# વેંત-વાર્તા

--યાજ્ઞિક વઘાસિયા



## છેતરામણી



મલ્ટીનેશનલ કંપનીમાં ઊંચા પગારથી જોબ કરતી તમારી ધર્મપત્ની અકીરાએ એક બીઝનેસ મિટિંગના સિલસિલામાં પોતે એક અઠવાડિયા માટે પુણે જવાની છે એવી તમને વાત કરી એ સાથે જ તમને તમારી માશુકા ‘આશ્કા’ની રંગીન યાદ આવી ગઈ.

“હાશ..... આ તો ભાવતું ’તું ને વૈદે કીધું. હવે થોડા દિવસ આશ્કાની સુંવાળી બાહોમાં સુવા મળશે”.

મનમાં આવો વિચાર કરી રહેલા તમે એ વાતથી સદંતર અજાણ હતા મિસ્ટર અભિજિત કે.... બીઝનેસ મિટિંગના બહાના હેઠળ અકીરા જેની સાથે પનવેલના ‘રોશન ફાર્મહાઉસ’માં રંગરેલીયા મનાવવા જઈ રહી છે, એ તમારી માશુકા આશ્કાના પતિ મિસ્ટર દેવાંશુ જ છે.

# Catalyst

**--અનંત ગોહિલ**




**"સફર મેં ધૂપ તો હોગી, જો ચલ સકો તો ચલો,**
**સભી હૈ ભીડ મેં, તુમ ભી નિકાલ સકો તો ચલો".**

થોડા દિવસો પહેલા સંસદમાં મોદી સાહેબે નિદા ફાઝલીનો આ શેર કહ્યો ત્યારે આજુબાજુના તમામ વ્યક્તિઓ અને ટીવી પર જોનારા આપણે તમામ લોકો અભિભૂત થઇ ગયા હતા. શેર ભલે કોઈ રાજનીતિક એજન્ડા માટે કેહવાયો હોય પણ આ શેર ચોક્કસ રીતે બધી જ પરિસ્થિતિઓમાં લાગુ પડી શકે એટલો બધો મજબૂત છે.

જીવનના હર-એક રસ્તાઓમાં મુશ્કેલીઓ તો હશે જ! પેલા પણ હતી અને આગળના સમયમાં પણ આવતી જ રેહશે, આપણે આપણામાં એટલી હિંમત લાવવાની છે કે આપણે કોઈ પણ પરિસ્થિતિમાં ટકી શકીએ અને દ્રઢતાપૂર્વક એ પરિસ્થિતીનો સામનો કરી શકીએ. અત્યારે થોડીક એવી મુશ્કેલીઓ આવે તો પણ માણસ હારી જાય છે. નાની-નાની વાતોમાં પણ આપઘાત કરી લે છે, મેન્ટલી ટોર્ચર થયા જ કરે છે. એ સમયમાં માણસ જો સમજીને ખાલી એ પરિસ્થિતિ પુરતો સમય સાચવી લે ને તો પણ પરિસ્થિતિ કંઇક અલગ જ હોત!

મોહમ્મદ માંકડ પોતાના એક લેખમાં ચાર્લ્સ કાર્બન વિશે વાત કરતા કહે છે કે, ચાર્લ્સ કાર્બનને એક વખત કોઈએ પૂછ્યું, "જીવનમાં આગળ વધવા માટે- સુખી થવા માટે કઈ વસ્તુની વધારે જરૂર છે – બુદ્ધિની? શિક્ષણની? કે શક્તિની? અહીં એમનો જવાબ સંભાળીને આપણને બે ઘડી આશ્ચર્ય થશે! એમનો જવાબ હતો, "ત્રણેયમાંથી એકેયની નહીં" આગળ કહે છે કે આ ત્રણ વસ્તુઓ મદદ કરી શકે, માણસમાં આ ત્રણેય વસ્તુઓ હોય પણ જો એને સમય સાચવતા ના આવડે તો એ નિષ્ફળ જાય છે. પ્રગતિ કરવા માટે સૌથી અગત્યની ચીજ છે, "સમયની યોગ્ય પરખ!" દરેક માણસના જીવનમાં એવી પળો આવે જ છે કે જ્યાં એને નક્કી કરવાનું હોય કે આ વાત કેહવી કે નહીં? આ કામ કરવું કે નહીં? આમ કરીશ તો કંઈ થશે કે નહીં થાય? કંઇક ખોટું તો નથી થઇ રહ્યું ને? સમયના આ પળને જે સાચવી લે છે એને જીવનમાં સફળતા પાછળ ભાગવું નથી પડતું ઊલટાની સફળતા એના પાછળ દોડીને આવે છે.

અહીં ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં કહેલો "કર્મણ્યે વાધિકારસ્તે માફલેશુ કદાચન" વાળો શ્લોક એકદમ બંધ બેસે છે. જીવનમાં સફળતા- નિષ્ફળતા વચ્ચે માત્ર એક જ વસ્તુ ઉભી હોય છે અને એ છે સમય! યોગ્ય સમય સચવાય જાય તો માણસ સફળ થઇ જાય છે અને જો એ




સમય ના સચવાય તો માણસે નિષ્ફળતા ભણી અનિચ્છાએ પણ પ્રયાણ કરવું જ પડે છે. જેમ નોકિયા કંપનીએ સમયસર એનડ્રોઇડ અપનાવ્યું નહીં અને જયારે અપનાવ્યું ત્યારે એના માટેનો સમય વીતી ચુક્યો હતો. હવે હાલત એ છે કે જે કંપનીએ મોબાઈલને વિશ્વ બતાવ્યું એ જ કંપની ‘મોબાઈલ-વિશ્વ’ની બહાર છે.

ડર્ટી પિક્ચરની વિદ્યા બાલન જેવો એન્ટરટેઈનમેન્ટ માટે ડાઈલોગ મારે છે એવું જ વાક્ય ચાર્લસ સીમ્મર કહે છે,” જીવનસંઘર્ષમાં ત્રણ વસ્તુઓ જરૂરી છે: પહેલી તો, દ્રઢ ઈચ્છાશક્તિ, બીજી દ્રઢ ઈચ્છાશક્તિ, અને ત્રીજી દ્રઢ ઈચ્છાશક્તિ.” પ્રબળ ઈચ્છાશક્તિ હશે તો અને તો જ વ્યક્તિ સફળતા પ્રાપ્ત કરી શકે છે.

**આફ્ટર-શોક :**

**મોડું ન કર કે આવી જીવનગત નહીં રહે,**
**જેવી છે આજ તેવીય હાલત નહીં રહે.**
**- મરીઝ**

# ગુલાબજળ

--યાજ્ઞિક વઘાસિયા



**"આદમીની એ મુસીબત મોતથી પણ છે વિશેષ,**
**જિંદગી પોતાની જયારે પારકી થઇ જાય છે."**

"વેરી ગુડ મુવી. આઈ લાઈક્ડ ઇટ સો મચ. મારી લાઈફ સાથે તો બિલકુલ રીલેટ થાય છે...... મારું પણ સપનું હતું, વર્લ્ડ ફેમસ પેઈન્ટર બનવાનું. પણ મારા પપ્પાને તો મને ડોક્ટર જ બનાવવો હતો......"

સિનેમેક્સમાં 'થ્રી ઈડિયટ્સ' જોઇને બહાર નીકળીને પાર્કિંગ એરીયામાં જતા-જતા ડૉ શિવમે એની ફિઆન્સ ડૉ શિવાનીની સામે બળાપો કાઢ્યો. શિવમ અને શિવાનીની હજી થોડા ટાઈમ પહેલા જ એન્ગેજમેન્ટ થઇ હતી, ને લગ્ન દોઢ વર્ષ પછી લેવાવાના હતા. અન્ય કપલની જેમ એમના માટે પણ સગાઈ અને લગ્ન વચ્ચેનો આ સમયગાળો એ શ્રેષ્ઠ સમયગાળો હતો. શિવાની પેથોલોજીમાં અને શિવમ ગાયનેકોલોજીમાં પોસ્ટ-ગ્રેજ્યુએશન કરી રહ્યા હતા. એમનું જોણ ઘરેથી જ નક્કી કરી દેવામાં આવ્યું હતું, ને બન્નેએ એકબીજાને 'પરમેનેન્ટ રૂમમેટ્સ' તરીકે પસંદ પણ કરી લીધા.

હોસ્પીટલની ડ્યુટી પતાવીને બન્ને એકબીજા પાસે ડ્યુટી કરવા પહોંચી જતા. બન્નેને પોતાની કલ્પના પ્રમાણેના જીવનસાથી મળી ગયા હોવાથી બન્ને ખુશ-ખુશ હતા. બન્નેની પસંદ-નાપસંદ પણ મોસ્ટલી મળતી જ આવતી હતી. ક્યારેક તેઓ કોઈ શાંત રેસ્ટોરંટમાં જમવા જતા, તો ક્યારેક રીવરફ્રન્ટ અથવા લૉ-ગાર્ડનમાં કલાકો વાતો કરતા. ક્યારેક માણેકચોક સેન્ડવીચ ખાવા જતા, તો ક્યારેક કોઈ સારા કૉફીશોપમાં બેસીને કોફીની ચુસ્કીઓ લેતા. ક્યારેક 'થોળ'માં પક્ષીઓના કલરવ વચ્ચે હાથમાં હાથ પકડીને બેઠા રહેતા, તો ક્યારેક-ક્યારેક કોઈ સારી ફિલ્મ લાગે તો, એ જોવા પણ જતા. અમદાવાદના બધા રસ્તાઓ એમની કારને હવે ઓળખવા લાગ્યા હતા. બન્ને ખાવા-પીવાના જબરા શોખીન હતા. લગભગ ખાણીપીણીની બધી સારી-સારી જગ્યાએ તેઓ ઓડકાર ખાઈ આવ્યા હતા.

"ફ્રોમ ધી વેરી અર્લી એજ, આઈ વોઝ ઈન્ટરેસ્ટેડ ઇન ડ્રોઈંગ. મને ગમતું ડ્રોઈંગ કરવું, આવડતું પણ ખરું, ભગવાને અલગ અલગ લોકોને અલગ અલગ ક્વાલીટી આપી હોય છે, ને એ પર્ટીક્યુલર પર્સન માટે એ સ્પેશીયલ હોય છે. જો ભગવાને આપેલી એ જ ક્વાલીટી મુજબનું જ આપણે કામ કરીએ, તો એમાં સકસેસ મળે જ છે, ને કદાચ ના મળે તો પણ આપણને એનો કોઈ



અફસોસ નથી રહેતો. એટલીસ્ટ આપણે એમાં ખુશ તો હોઈએ જ છીએ. ને માણસનો અલ્ટીમેટલી એઇમ તો 'હેપ્પીનેસ' જ હોય છે ને...."

એ બોલતો જ રહ્યો..... એનો અવાજ તરડાઇ ગયો..... ને શિવાની ધ્યાનથી સાંભળતી રહી......

"મને ખબર હતી મારી ક્વાલીટીની. પપ્પાને પણ ખબર હતી. મેં પપ્પાને પણ મારા ડ્રીમ્સ વિષે કીધેલું. પણ પપ્પાને મન 'પેઈન્ટર' એટલે દુકાનોના બોર્ડ પેઈન્ટ કરાવનું ને રોડની બન્ને બાજુ 'ચડ્ડી-ગજ્જી-સાયકલ-સિમેન્ટ' ની જાહેરાતો ચીતરવાનું કામ. એ ના માન્યા તો ના જ માન્યા. ને છેલ્લે મેં કલર્સ અને પીંછી મુકીને સ્કાલ્પેલ્સ અને દવાઓ હાથમાં લઇ લીધી. ઈનફેક્ટ મને એ માટે મજબુર કરી દેવામાં આવ્યો...."

"મારું પણ આવું જ છે. મમ્મી-પપ્પાની ઈચ્છા હતી કે હું ડોક્ટર બનું, જોકે એ માટે એમણે મને ક્યારેય ફોર્સ નહોતો કર્યો. મારે ફેશન-ડીઝાઇનીંગ કરવું 'તું, એ છતાં પણ એમની ઈચ્છાનું માન રાખવા હું આ લાઈનમાં આવી ગઈ......." શિવાનીએ પણ સાથે-સાથે એના જીવનનું સત્ય રજુ કર્યું.

**********

'શોલે'ને પાછળ રાખીને શિવમની 'ધી મોસ્ટ ફેવરીટ' ફિલ્મ હવે 'થ્રી ઈડિયટ્સ' બની ચુકી હતી. એ એની ડી.વી.ડી. પણ લઇ આવ્યો ને નવરો પડ્યે હોમ-થીએટરમાં જોયા કરતો. જોકે ઇન્ડિયામાં જો તમે પબ્લીકનો સર્વે કરવા નીકળો અને એમને એમની સૌથી પસંદીદા પાંચ ફિલ્મોના નામ પૂછો, તો આઈ

એમ વેરી શ્યોર કે, નવ્વાણું ટકા યંગ પબ્લિકે આપેલા આ પાંચ ફિલ્મોના નામમાં 'થ્રી ઈડિયટ્સ' નો સમાવેશ તો થતો જ હોય!

'હિરાણી'એ પણ સાલ્લુ સીધો એકદમ ગરમ લોખંડ પર જ ઘા કર્યો છે! ઘણા બાળકોને એમના કેરિયર ચુઝ કરવાના ટાઈમે એટલી સમજણશક્તિ નથી હોતી કે, એ એમને પોતાને માફક આવે એવું કેરિયર ચુઝ કરી શકે; ને જેમને ખબર પડે છે, એમાંથી મોટાભાગના લોકોના પેરેન્ટ્સ એમને એ ચુઝ કરતા રોકે છે. મોટાભાગના પેરેન્ટ્સ ક્યારેય એમના બાળકોને પૂછતાં પણ નથી કે, બેટા.... તારે આગળ શું કરવું છે; ને ઘણીવાર તો બાળકોને એટલી છૂટ પણ નથી દેવાતી કે, એ દિલ ખોલીને એમને લાઈફમાં શું કરવું છે, એ કહી શકે. બાળકોને એમના માબાપ એમની ઈચ્છા વિરુદ્ધ મનફાવે ત્યાં ધકેલી દે છે, ને સંતાનો આખી જિંદગી બસ અફસોસ વ્યક્ત કર્યા કરે છે.

**********

શિવમ અને શિવાનીના લગ્નને પણ સાડા ત્રણ વર્ષ થઇ ગયા હતા. શિવાની પ્રેગ્નન્ટ થઇ ને આજે શિવમની હોસ્પીટલમાં જ એની ડીલીવરી થવાની હતી. નસીબદાર હતો શિવમ, કે જેને એની પત્નીની ડિલીવરી કરવાનો ને પોતાના બાળકને સૌથી પહેલા જોવાનો ચાન્સ મળ્યો હતો.

ન્યુ-બોર્ન બેબીના રડવાનો અવાજ સાંભળતા જ એ ખુશ થતાં-થતાં બોલ્યો,

"વેરી લકી બેબી હં.......... બોથ યોર મધર એન્ડ ફાધર આર ડોક્ટર્સ...... માય ચેમ્પ... આઈ વિલ પ્રોવાઈડ ધી બેસ્ટ એજ્યુકેશન ટ્રૂ યુ.... એન્ડ વિલ મેક યુ અ ગાયનેકોલોજીસ્ટ લાઈક મી........ તારે જાતે કંઈ કરવાનું જ નહી રહે, બધું તને તારા ફાધર તૈયાર કરીને જ આપશે.... "

એણે એના કપાળ પર એક ચુમ્મી લીધી ને શિવાની તરફ પ્રેમભરી નજર નાખી.

"થેંક યુ સો મચ માય ડાર્લિંગ..... અ ન્યુ ડોક્ટર ઇન અવર ફેમીલી...................."

બાળક રડતું જ રહ્યું.........

પછી એ જીંદગીમાં ક્યારેય ચુપ નથી રહ્યું.

શાયદ એના બાળકના જન્મ પછી ચુપ થઇ જાય....!!!

એમના ઘરે રહેલી પેલી 'થ્રી ઈડિયટ્સ' ની ડી.વી.ડી. હવે ધૂળ ખાય છે.

**SHUT DOWN :**

***A LOT OF PARENTS WILL DO ANYTHING FOR THEIR KIDS,***

***EXCEPT LET THEM BE THEMSELVES.***

***BANKSY***

(શીર્ષક-પંક્તિ : 'મરીઝ')

# Shine in the Mine...!!!

--રિકીન ધડુક



સાહિત્યના વિષયમાં ઘણે ઊંડે સુધી પહોંચેલા એવા શ્રી પિયુષ મિશ્રા અને વરુણ ગ્રોવરને મળવાનું થયેલું. એમને મળ્યા પછી ગુજરાતી સાહિત્યની બહાર નીકળીને હિન્દી સાહિત્યની દુનિયા તરફની ગતિ વધી.

પિયુષ મિશ્રાના શબ્દોમાં,

**ग़ालिब के, मोमिन के, ख़्वाबों की दुनिया**
**मजाज़ों के उन इन्कलाबों की दुनिया**
**फैज़ फिराक ओ साहिर ओ मखदूम**
**मीर की ज़ौक की दागों की दुनिया.**

આ કક્ષામાંના એક ફૈઝ અહેમદ ફૈઝની જ એક ગઝલ અહીં પ્રસ્તુત છે.

**आए कुछ अब्र कुछ शराब आए**
**उस के बाद आए जो अज़ाब आए.**


હવે કોઈ વાદળ કે પછી શરાબ આવે,
એની બાદ જે આવે, અંતકાળ આવે.

વાદળ, નસીબ ને આડે, પછી શરાબ, સબંધોને આડે અને અંતે મૃત્યુ, શરાબ=શર/આગ + આબ/પાણી.

**बाम-ए-मीना से माहताब उतरे**
**दस्त-ए-साक़ी में आफ़ताब आए**

પ્યાલામાં થી ચાંદ ઉતરે,
સાકીના હાથમાં સુરજ આવે.

માહતાબ-આફતાબ, આ કાફિયાનો ઉપયોગ કરવા જ આ શેર લખાયો હોય એમ લાગે. અહીંયા પણ સાકીના હાથ, જામની વાત કરીને શરાબને આફતાબની ઉપમા આપી છે અને ક્રિસ્ટલના ગ્લાસને ચાંદનીની!




**हर रग-ए-ख़ूँ में फिर चराग़ाँ हो**
**सामने फिर वो बेनक़ाब आए**
દરેક રગના રક્તમાં રોશની થાય,
સામે જયારે એ બે-નકાબ આવે.

મયુર પુરી એ લખેલું તું ચાહિયે(બજરંગી ભાઈજાન)ની એક લાઈન છે- તું લહુ કી તરહ, રંગો મેં રવા ચાહિયે. જયારે અહીંયા રગોમાં થયેલી રોશનીની વાત છે. એક અજ્ઞાત શેર યાદ આવે -

'ન જાણે કિસકી મૌત આઈ હૈ,
આજ રૂખ પર કોઈ નકાબ નહીં.‘

**उम्र के हर वरक़ पे दिल को नज़र**
**तेरी मेहेर-ओ-वफ़ा के बाब आए**
આયુના દરેક પત્તાં પર દિલને નઝર,
તારી ઇશ્ક ને વફાના દ્વાર આવે.

અહીં બાબના બે અર્થ છે, દ્વાર અથવા પ્રકરણ. જિંદગીના પન્નાઓ પર એની જ વફા ને મહોબ્બતના પ્રકરણો.

'ખુદકો પઢતા હું છોડ દેતા હું,
એક વરખ રોઝ મોડ દેતા હું,
કાંપતે હોઠ, લઝરતી આંખે,
બાત અધૂરી હી છોડ દેતા હું.'–અજ્ઞાત

**कर रहा था ग़म-ए-जहाँ का हिसाब**
**आज तुम याद बेहिसाब आए**
દુનિયાના દર્દનો હિસાબ કર્યો તો,
આજે તું યાદ બેહિસાબ આવે.

આખી દુનિયાના દર્દના હિસાબ માં ફક્ત એ જ યાદ બે-હિસાબ આવે.

'જીવનની સમી સાંજે મારે ઝખ્મોની યાદી જોવી'તી,
બહુ ઓછા પાનાં જોઈ શક્યો, બહુ અંગત-અંગત નામ હતા' - શૂન્ય પાલનપુરી

**न गई तेरे ग़म की सरदारी**
**दिल में यूँ रोज़ इन्क़लाब आए**
ન ગઈ તારા દુઃખની બુલંદી,
દિલમાં આમ રોજ, ઈન્કીલાબ આવે.

બુલંદીનું એવું છે કે ત્યાં પહોંચ્યા પછી સરખામણીનું કોઈ સ્થાન નથી. એ જ રેફરન્સ થી અહીં 'સરદારી' શબ્દ પ્રયોજ્યો હશે.

'હો કોઈ પણ દિશામાં, બુલંદી નથી જતી,
આકાશ જેમ જેઓ નિરાધાર હોય છે!' – મરીઝ

**जल उठे बज़्म-ए-ग़ैर के दर-ओ-बाम**
**जब भी हम ख़ानाख़राब आए**
આસપાસમાં દીવાલો અને છત સળગી ઉઠ્યા,
જ્યારે પણ (હમ/ દિલ) હાલત ખરાબ આવે.

'થઈને ઉદાસ જોયું જો ઉપર અમે 'મરીઝ', ત્યારે ખબર પડી કે ગગન પણ ઉદાસ છે!' જેમ ઈમ્તિયાઝ કે અનુરાગની ફિલ્મોમાં કેરેક્ટરના મૂડ મુજબનું ઇન્ટિરિયર કે લાઇટ્સ હોય એમ જ મનની વ્યથાને અભિવ્યક્ત કરવા લેવાયેલો વાતાવરણનો આધાર.

**इस तरह अपनी ख़ामोशी गूँजी**
**गोया हर सिम्त से जवाब आए**
એ રીતે અમારી ખામોશી ગુંજી,
દરેક દિશામાં થી જવાબ આવે.

ખામોશી અને ગુંજ. આગ-પાણી જેવો આ સમ્બન્ધ ને ખામોશીની ગુંજનો જવાબ એ ગઝલતત્વના આસ્વાદની ટોચ છે!

**'फ़ैज़' थी राह सर बसर मंज़िल**
**हम जहाँ पहुँचे कामयाब आए**
'ફૈઝ' રસ્તા બરોબર જ હતી મઁઝીલ,
અમે જ્યાં પહોંચ્યા, કામિયાબ આવે.

રસ્તા અને મઁઝીલમા ઝાઝો ભેદ નથી એવું કહેતા ફૈઝનો મિજાજ આ મક્તામાં વર્તાય છે. કે પહોંચ્યા પછી સમજાય છે કે અહીં જે આવે, એ સૌ કામિયાબ આવે.
આ અનુવાદ જાતે કર્યો છે તો કોઈ ક્ષતિ બદલ ક્ષમા.

BOX OFFICE # બે-ચાર નવી અને સારી ફિલ્મો -
મિરઝયાન,
ડિયર ઝીંદગી,
ડૉક્ટર સ્ટ્રેન્જ,
ફેન્ટાસ્ટિક બિસ્ટ્સ,
અને અત્યારે ચાલતી એરાઇવલ.

चोट कहीं लगती है जाकर
ज़ख़्म कहीं पर होता है ..
सूरज से जलता है फलक
और दाग ज़मीन पर होता है ..
होता है अक्सर ..
-गुलज़ार

# લવ-ટૈંક

--અનંત ગોહિલ



"બસ પ્રણય, હવે મારાથી વધુ નહીં થાય. મને એક પ્રકારની ચીડ આવી ગઈ છે આ સબંધથી! મારો જીવ રૂંધાય છે અહીં. હું તને આજે અત્યારે જ આ સબંધથી મુક્ત કરૂં છું."

પ્રેક્ષાએ બોલેલા આ શબ્દો અત્યારે પણ પ્રણયના કાનમાં ગુંજી રહ્યા હતા. બસ આટલું કહીને પ્રેક્ષા એને છોડીને ચાલી ગઈ હતી. ક્યાં જાય છે?, ક્યારે આવશે? એ કશું જ કહ્યા વગર. અને પોતે પણ ક્યાં અહમના કારણે કંઈ પૂછવાની તસ્દી લીધી હતી? આ જ વાતનો વસવસો એને અત્યારે પણ થઇ રહ્યો હતો!

હંમેશા પોતે જેને ટેકન-ફોર-ગ્રાન્ટેડ લીધી હતી એ પ્રેક્ષા આજે એને મુકીને ચાલી ગઈ હતી. એ ઘર છોડીને ગઈ ત્યારે તો તેને એવું લાગતું હતું કે જઈ-જઈને ક્યાં જશે એના પિયર કે વધીને એના બહેનના ઘરે! પણ, ગુસ્સો ઠંડો પડ્યો ત્યારે અને પ્રેક્ષાના ઘરે ફોન કરીને પુછતા માલૂમ પડ્યું કે પ્રેક્ષા તો ત્યાં નથી કે એની બહેનને ત્યાં પણ નથી. અત્યાર સુધીમાં તો પ્રણયનો ગુસ્સો એકદમ જ ઉતરી ગયો હતો. ગુસ્સાનું સ્થાન હવે ચિંતા એ લઇ લીધું હતું કે આખરે પ્રેક્ષા ગઈ ક્યાં હશે? એકાદ વાર તો એને આપઘાત તો નહીં કરી લીધો હોય ને એવો ખરાબ વિચાર પણ એના મગજ માં આવી ગયેલો પણ તરત જ પોતે એવું વિચારીને સ્વસ્થ થઇ ગયો કે એની પ્રેક્ષા આવું કઈ કદમ તો નહીં જ ઉપાડે!

બે દિવસમાં તો પ્રણય એ લગભગ આખું શહેર ફેંદી લીધું હશે. એકપણ એવી જગ્યા નહીં હોય જ્યાં એને પ્રેક્ષાની શોધ નહીં કરી હોય. બે દિવસથી ભૂખ્યો-તરસ્યો પ્રણય જયારે રાતે થાકીને ઘરે પરત ફર્યો ત્યારે એક ઊંડી એકલતાએ એને ઘેરી લીધો હતો. પ્રેક્ષા વગરનું એ સુમસામ ઘર જાણે કે એને ખાવા દોડતું હતું. પ્રેક્ષાને ગયે બે દિવસથી પણ વધુ સમય વીતી ગયો હતો અને હવે એને ખરેખર ડર લાગવા લાગ્યો હતો કે ક્યાંક આવેશમાં પ્રેક્ષાએ ના કરી બેસે જે એને ના કરવું જોઈએ નહીં તો, કદાચ એ પોતાની જાતને ક્યારેય માફ નહીં કરી શકે!

સોફા પર ચિંતાગ્રસ્ત બેસેલા પ્રણયને જોઇને કોઈ એમ ના કહીં શકે કે એ એક મોટી કંપનીનો લીગલ એડવાઈઝર હશે! જે પદ અને પ્રતિષ્ઠા માટે એને પ્રેક્ષા સાથે ઝગડો કર્યો હતો એ જ પદ-એ જ નોકરી માટે એને ધ્રુણા ઉપજતી હતી. મનોમન એને વિચાર તો આવી જ ગયો કે પ્રેક્ષાની વાત પણ ક્યાંય ખોટી તો નહોતી જ! લગ્ન પછીના ગાળામાં પત્નીને સૌથી વધુ જરૂર



પૈસાની કે હરવા-ફરવાની નહીં પણ પતિના સમયની હોય છે અને પોતે કામના અને વધુ પૈસા કમાઈ લેવાની લ્હાયમાં ને લ્હાયમાં પત્નીને એ સમય આપી શક્યો નહોતો. એને યાદ આવ્યું કે કેવી રીતે એ કામથી મોડો આવતો અને ઘરે પણ લેપટોપમાં અડધી રાત સુધી કામ કર્યા કરતો. પ્રેક્ષાના વારંવાર બોલાવ્યા પછી પણ તે કેવી રીતે એનું અપમાન કરીને એની વાતોને ટાળી દેતો, એને એ પણ યાદ આવ્યું કે કેવી રીતે એ બસ એની જરૂર હોય ત્યારે જ એનું શરીર ભોગવતો હતો, અને બાકીના સમયમાં પોતાના કામમાં રચ્યો-પચ્યો રહેતો. વિચારોમાં ને વિચારોમાં ક્યારે એની આંખ સોફા પર જ મીંચાઈ ગઈ એ એને પણ ખબર ના રહી.

"અરે, આ સ્ટ્રોબેરીની સુગંધ ક્યાંથી આવે છે? સામે જોવે છે તો પ્રેક્ષા હસતા-હસતા એનો હાથ પકડીને એને સ્ટ્રોબેરીના ગાર્ડનમાં લઇ જતી હોય છે. ત્યાંથી પછી એ બંને બાઇક લઈને ગીરા ધોધ પાસે પહોંચે છે, પાણીથી મસ્તી કર્યા બાદ બન્ને એક બાજુ ખૂણો શોધી એકદમ ઉન્માદી ચુંબન પણ કરી જ લે છે. એ પછી બંન્ને નાગેશ્વર મહાદેવના મંદિરે પહોંચી જાય છે. પ્રેક્ષા કહે છે, ચલ ને ફરીથી લગન કરીએ! "અરે મેડમ, હજુ હમણાં જ તો તમને વિધિવત ઘરે લઇ આવ્યો છું ને હનીમૂનમાં તમારે ફરીથી લગન કરવા છે?" સ્મિત સાથે પ્રણય એ કહ્યું. પણ નવે-નવી દુલ્હનની બધી જ ઇચ્છાઓ સર-આંખો પર! એની જેમ જ પ્રણય પણ મંદિર બહારથી બે ગુલાબના હાર લઇ આવ્યો એક હાર પ્રેક્ષાએ એને પેહરાવ્યો અને જેવો એ હાર પ્રેક્ષાને પેહરાવવા જાય છે એવી પ્રેક્ષા ગાયબ! સપનું તુટતા અને વાસ્તવિકતાનો અંદાઝ આવતા પ્રણય ફરીથી ચિંતાતુર થઇ જાય છે. અચાનક એને કંઇક યાદ આવે છે ને એ તરત જ ઘરમાંથી થોડા પૈસા અને કપડાની બેગ લઈને નીકળી પડે છે!

એને પ્રેક્ષાની વાત યાદ આવે છે જયારે તેઓ હનીમૂન પર ગયા હતા, "પ્રણય જયારે મારું ક્યાંય મન નહિ લાગતું હોય કે પછી હું જીવનથી કંટાળી ગઈ હોઈશને તો હું સીધી અહીં સાપુતારા જ આવતી રહીશ અને આ સનસેટ પોઇન્ટ છે ને ત્યાં જ બેસી રહીશ!" આવેલા સપનાને પ્રણય ભગવાનનો ઈશારો સમજે છે અને સ્વગત જ બોલી ઊઠે છે પ્રેક્ષા હું આવું જ છું.

બરાબર બપોરના ચાર વાગે એ સાપુતારાની હોટલ લેક-વ્યુ માં પહોંચે છે અને રીસેપ્શન પર જઈને પૂછે છે કે અહીં કોઈ પ્રેક્ષા શર્માએ ચેક-ઇન કર્યું છે કે કેમ? એની ધારણા મુજબ જ પ્રેક્ષા ત્યાં જ હતી અને હોટલના સ્ટાફને થોડીક ટીપ આપતા એ પણ જાણવા મળ્યું કે પ્રેક્ષા હમણાં જ સનસેટ પોઇન્ટ તરફ જવા નીકળી છે. હોટલનો એક રૂમ લઇ પ્રણય થોડો ફ્રેશ થાય છે અને એ પોતાની પ્રેક્ષાને મળવા નીકળી પડે છે.

જેવો પ્રણય સનસેટ પોઇન્ટ પર પહોંચે છે દુરથી જ એને પ્રેક્ષા દેખાઈ જાય છે. પીચ કલરના પોલકા ડોટ્સવાળા ટોપમાં ઉભેલી પત્નીના ચહેરા પર જરા પણ નૂર નથી એ વાતે જ એને અંદર સુધી હલાવી નાખ્યો હતો. શૂન્યમાં તાકીને ઉભી હોય એમ પ્રણય એની બાજુમાં જઈને ઉભો રહી ગયો તો પણ પ્રેક્ષાને ખ્યાલ નથી આવતો.

"અહ-અહ!" અવાજથી જાણે સ્વપ્નમાંથી બહાર આવતી હોય એમ એ બાજુમાં જુએ છે તો એનો પ્રણય એની અડોઅડ ઉભો હોય છે. કંઈ પણ કહ્યા વગર એ એની બાહોમાં સમાઈ જાય છે. થોડીવાર સુધી તો બન્ને બસ એમનમ જ ઉભા રહે છે પછી હળવે રહીને પ્રણય કહે છે,આઈ એમ રીયલી વેરી સોરી યાર, તને તો ખબર છે ને મારી! ગુસ્સામાં હું ગમે તે બકી નાખું છું. એમાં મને આમ છોડીને થોડું આવતું રે'વાય? મને તારી કેટલી ચિંતા થઇ ગઈ'તી ખબર છે? તારા વગર નો તારો પ્રણય કંઈ જ નથી. તુ મને પ્રોમીસ કર કે હવે કદી મને મુકીને નહીં જાય!

પ્રેક્ષા સજળ આંખે પ્રણયને જોઈ રહે છે અને હળવે રહીને એના હોઠ પર પોતાના હોઠ મૂકી દે છે! કુદરતને પણ ખબર નથી પડતી કે આજુબાજુનું વાતાવરણ સૂર્યને કારણે ગુલાબી છે કે પછી પ્રેક્ષા અને પ્રણયના આ પ્રેમને કારણે!!

# ફોટો-સ્ટોરી

- રિકીન ધડુક





ધર્મના મોડર્ન વક્તાઓ પ્રાચીન દેખાવા કોશિશ કરે છે, અને ધર્મવાળા મુનિઓ અતિ મોર્ડન દેખાવાનો વ્યાયામ કરતા રહે છે.

# ખુલ્લા દ્વાર

-જાદવ નરેશ 'જાન'

તમારી નજરૂના જામ ય આમ પીતા રહ્યા ;
પછી ભીતરમાંહી સતત ડુબતા રહ્યા:
છે જ તમારી નજરૂના બાણ એવા જુઓને ;
કે બસ દિલમાંહી અમે વિંધાતા રહ્યા :
છે છટા તમારી નજરૂની એવી નખરાળી ;
તમારી નજરૂ પર મોહિત થતા રહ્યા:
ને છે તમારી નજરૂમાં એવા પ્રેમનો પ્યાલો ;
કે અમે પીતા પીતા જ દિવાના થતા રહ્યા:
છે જ તમારી નજરૂ ય આમ કામળગારી ;
તમારી નજરૂમાં જ "જાન" ખોવાતા રહ્યા:

**તમારી કૃતિ પણ તમે અમને મોકલી શકો છો**

**E-mail – pankhemagazine@gmail.com**

# Knowtamin

Every minute, more than 100 hours of video are uploaded to YouTube

YouTube has over a billion users, almost one-third of all people on the Internet

The First YouTube Video was uploaded on April 23, 2005, featuring its co-founder Jawed Karim at the San Diego Zoo

Google bought YouTube for US$1.65 billion in stocks just 18 months after YouTube's creation

Music video 'Gangnam Style'was so popular, it broke YouTube's view counter, which had to be upgraded

You can navigate YouTube in more than 75 different languages, covering 95% of the Internet population

The woman who rented her garage to Larry Page and Sergey Brin in 1998 when they were creating Google later became the CEO of YouTube

The oldest video of cats on YouTube dates from 1894

## ‘પંખ’ની ઉડાનમાં સહભાગી પાંખો

કેયુર દુધાત
યાજ્ઞિક વઘાસિયા
રિકીન ધડુક
મનોરી શાહ
અનંત ગોહિલ
ભાગ્યેશ પટેલ

## સહૃદય આભાર

ડૉ. અવનિ રવિ ચાંગેલા
(નવલકથા)
કવિ અનિલ ચાવડા
(કવિતા)
જાદવ નરેશ
(ખુલ્લા દ્વાર)

## અમારી સાથે ઉડવાના આકાશી માર્ગો

pankhemagazine@gmail.com

http://www.facebook.com/pankhemagazine

09714872871

https://twitter.com/pankh_emagazine